**<u>ફોજદારી કેસ નંબર : ૧૪૧૭ /૨૦૨૪</u>**
**<u>આંક: ૫ લગત હુકમઃ–</u>**

**<u>હુકમઃ–</u>**

**૧..** ફરિયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપી જાહેરમાં વગર પાસ પરમીટે દારૂનો નશો કરી, નશાની હાલતમાં લવારા બકવાસ કરતા મળી આવેલા.જેથી ફરિયાદીએ આરોપી વિરૂઘ્ધ સરકાર તરફે ફરિયાદ આપતાં, બોટાદ પોલીસ સ્ટેશન ગુનો રજીસ્ટરે લઈ, તપાસ કરનાર અમલદારે આરોપીને અટક કરી, તપાસનાં અંતે આરોપી વિરૂઘ્ધ અત્રેની કોર્ટમાં ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારો ૨૦૧૬ ની કલમ– ૬૬(૧)(બી) મુજબનાં ગુનાં સબબ ચાર્જશીટ રજુ કરેલ છે.

**૨..** ચાર્જશીટ દાખલ થયા બાદ, આરોપીને સમન્સ કરતાં, આરોપી નામદાર અદાલત રૂબરૂ હાજર થતાં, તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલ વિનાં મૂલ્યે આપવામાં આવ્યા બાદ, આરોપીએ પોતાની ગુનાં કબૂલાત પુરશીશ રજુ રાખેલ છે અને આરોપીએ પોતાની સામેનાં ગુનાંનો એકરાર કરેલ છે અને ત્યાર બાદ આરોપીની પ્લી લેતાં, આરોપીએ ફરીથી ગુનાંનો એકરાર કરેલ છે. આરોપીએ એવી રજુઆત કરેલ છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે, અજ્ઞાનતામાં ગુનો બનવા પામેલ છે, ભવિષ્યમાં ફરી આવો ગુનો ન બને તેની તકેદારી રાખીશું, ગરીબ ઈસમ છીએ, જેથી દયાની અરજ ગુજારેલ છે.

**૩..** આમ, આરોપીની સ્વૈચ્છિક ગુનાં કબૂલાત, આરોપીની રજુઆત, ગુનાંનું સ્વરૂપ, કેસનાં સંજોગો તથા આરોપીની યુવાન વય વિગેરે લક્ષમાં લેતાં, તેમજ સજાની જોગવાઈ ઘ્યાને લેતાં, ગુજરાત પ્રો.એકટની કલમ–૬૬(૧)(બી)ની સજાની જોગવાઈ જોતા તેમા ૬ માસ સુધી લંબાવી શકાય તેવી કેદની તથા રૂ.૧૦૦૦/– સુધીના દંડની સજાની જોગવાઈ છે.હાલના કેસમા સંજોગો જોતાં, કાયદામા જેટલી સજાની જોગવાઈ કરવામાં આવેલ હોય, તેના કરતાં ઓછી સજાની જોગવાઈ કરવા અંગે નામ. ગુજરાત હાઈકોર્ટનો ડીવીઝન બેન્ચ નો ચુકાદો **નટવર હરચંદજી ઠાકોર વી. ગુજરાત રાજય ના ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯** ના સિઘ્ધાંતમા પ્રસ્થાપીત કરેલ છે કે જયારે પુરતા અને વ્યાજબી

કારણ હોય ત્યારે આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય છે. તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા નં.**(૧) રમેશ ભીખાલાલ સોની વી.ગુજરાત રાજ્ય જી.એલ.આર.૨૦૧૩(૨)૯૭૪** તેમજ (૨) **રાજેશકુમાર રતનલાલ સીધી ૨૦૧૫ (૩૮) જી.એચ.જે. પાન નં. ૩૫૪** ના ચુકાદાઓમા પણ જણાવેલ કે જયારે પુરતા અને વ્યાજબી કારણ હોય કાયદામાં જણાવેલ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય, જેથી હાલના કેસમા આરોપીની રજુઆત તથા કેસના સંજોગો ઘ્યાને લેતા હાલના આરોપીનો પ્રથમ ગુનો છે અને કુટુંબ કબીલાના માણસ છે અને આરોપીના સામાજીક તથા આર્થીક સંજોગો જોતા આરોપીને કાયદામાં જે સજા જણાવેલ હોય તેનાથી ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જણવાય રહેશે જેથી નીચે મુજબનો હુકમ કરૂ છું.

**:: હુકમ ::**

આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે, ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારો ૨૦૧૬ ની કલમ–૬૬(૧)(બી) ગુનાં અંગે તકસીરવાન ઠરાવી, રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણ સો પુરા) પુરા દંડકરવાનો હુકમ કરવામાં આવે છે. દંડ ન ભરે તો દિવસ–૦૭ ( સાત )ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

આ હુકમ આજરોજ નેશનલ લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

બોટાદ. એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
તા. **૨૨/૦૬/૨૦૨૪** બોટાદ

પહોચ નં. થી રૂા. ૩૦૦ /– (અંકે રૂપિયા ત્રણસો)
વસુલ લીધા.

તા. **૨૨/૦૬/૨૦૨૪** નાઝર